# BUSINESS મિત્ર

સેન્સેક્સમાં 330 પોઇન્ટનો ઘટાડો, નિફ્ટી 23350 પોઇન્ટની નીચે સરકી

# શેરબજારમાં યુ-ટર્ન, રોકાણકારોના 2.37 લાખ કરોડ સ્વાહા

વાણિજ્ય પ્રતિનિધિ તરફથી

**અમદાવાદ, તા. 22:** એશિયન બજારોના પોઝિટિવ રૂખની પાછળ ગિફ્ટ નિફ્ટી પોઝિટિવ હોવાથી ભારતીય શેરબજારો પણ પોઝિટિવ ખુલ્યા હતા, પણ આ સુધારો અંત સુધી ચાલ્યો નહીં અને નિફ્ટી એકરપાયરીના પગલે વેચવાલી હાવી રહેતા શેરબજાર લાલ નિશાનમાં બંધ રહ્યા હતા. આજે સેન્સેક્સ ઈન્ટ્રાડેમાં 600 પોઈન્ટનો સુધારો ધોવાઈ ગયો હતો. જ્યારે નિફ્ટી 23300ની નીચે સરકી ગઈ હતી, છેલ્લે નિફ્ટી 23350ની નીચે બંધ રહી હતી. આજે પણ શેરબજારમાં આઈટી સેકટરનું દબાણ વધુ રહ્યં હતું. જોકે, મોટા ભાગના સેકટર લાલ નિશાનમાં જ રહ્યા હતા. જેના પરિણામે રોકાણકારોને રૂ. 2.37 લાખ કરોડનું નુકશાન થયું હતું.

સેકટર વાઈઝ જોઈએ તો આઈટી, એફએમસીજી અને પીએસયુ બેન્ક શેરોમાં ઘટાડો રહ્યો હતો, જ્યારે મીડિયા, રિયલ્ટી અને મેટલ શેરોમાં સુધારો જોવાયો હતો.

બીએસઈ સેન્સેક્સ 329.91 પોઈન્ટ એટલે કે 0.44 ટકા ઘટીને 74529.08 પોઈન્ટના સ્તરે બંધ રહ્યા હતા. આજે ઈન્ટ્રાડેમાં સેન્સેક્સ 750.38 પોઈન્ટ સુધી ઉછળ્યો હતો, જ્યારે નીચામાં 74423 પોઈન્ટ સુધી ઘટ્યો હતો. નિફ્ટી 85.30 પોઈન્ટ એટલે કે 0.36 ટકા ઘટીને 23329 પોઈન્ટના સ્તરે બંધ રહી હતી. આજે નિફ્ટીએ 23350 પોઈન્ટની સપાટીની નીચે સરકી હતી. આજે ઈન્ટ્રાડેમાં નિફ્ટી 23489 પોઈન્ટ સુધી ઉછળી હતી, જ્યારે નીચામાં 23285 પોઈન્ટ સુધી ઘટી હતી. બેન્ક નિફ્ટી 255.10 પોઈન્ટ એટલે કે 0.45 ટકા ઘટીને 56215.55 પોઈન્ટના સ્તરે બંધ રહ્યા હતા.

બીએસઈ ખાતે આરએચઆઈ મેગ્નેસીતામાં 25.18 ગણા, પેજ ઈન્ડ.માં 19.26 ગણા, આવાસ ફાઈ.માં 16.46 ગણા, પાઈન લેબમાં 11.34 ગણા, ટીબીકો ટેકમાં 8.72 ગણા કામકાજ નોંધાયા છે. એનએસઈ ખાતે આરએચઆઈ મેગ્નેસીતામાં 58.43 ગણા, ગેબરીયલ ઈન્ડિયામાં 23.4 ગણા, જૈન રીસોર્સ રીસાયકલીંગમાં 17.79 ગણા, સીઈ ઈન્ફો સીસ્ટમમાં 12.61 ગણા અને ગેલીન્ટ ઈસ્પાતમાં 6.6 ગણા કામકાજ નોંધાયા છે.

બ્રોડર માર્કેટમાં પણ વેચવાલીનું દબાણ જોવાયું હતું. બીએસઈ મિડકેપ ઈન્ડેક્સ 0.02 ટકા અને બીએસઈ સ્મોલકેપ ઈન્ડેક્સ 0.25 ટકા ઘટ્યો હતો. જેના લીધે માર્કેટ બ્રેડથ નબળી રહી હતી. બીએસઈ ખાતે 2171 શેરો વધ્યા હતા, જ્યારે 2181 શેરો ઘટ્યા હતા અને 229 શેરો યથાવત રહ્યા હતા. નિફ્ટી આઈટી ઈન્ડેક્સ 0.86 ટકા ઘટ્યો હતો. જેમાં એમફાસીસ, પરસીસ્ટન્ટ સીસ્ટમ્સ, ટીસીએસ, ઈન્ફોસીસ, કોફોર્જ, એચસીએલ ટેકનો, ટેક મહિન્દ્રા જેવા શેરો ઘટ્યા હતા.

વૈશ્વિક સ્તરે ક્રુડ ઓઈલના ભાવ નબળો પડી રહ્યો હોવાથી અને મીડલ ઈસ્ટમાં તાજા રાજદ્વારી પ્રસ્તાવને કારણે યુરોપિયન બજારોમાં પોઝિટિવ ચાલ જોવા મળી હતી. જ્યારે આજે ટેકનોલોજી શેરોની આગેવાની હેઠળ એશિયન બજારો સુધર્યા હતા. સાઉદી અરેબિયાએ તેની પુર્વ-પશ્ચિમની પાઈપલાઈનમાં વિક્ષેપ પડ્યા બાદ તેને ગલ્ફ ટર્મિનલ્સમાંથી ક્રુડના શિપમેન્ટમાં વધારો કરી દીધો છે, જેના લીધે ક્રુડ ઓઈલના ભાવમાં પણ નરમાઈ જોવ મળી રહી છે. જેની પણ બજારો પર પોઝિટિવ અસર રહી હતી.

યુરોપિયન બજારમાં એફટીએસઈ 0.11 ટકા, કેક 0.40 ટકા અને ડેકેસ 0.62 ટકા સુધારા સાથે ચાલી રહ્યા છે. એશિયન બજારોમાં નીક્કી 1.36 ટકા, સ્ટ્રેઈટસ 0.85 ટકા, હેંગસેંગ 0.12 ટકા, તાઈવાન 0.17 ટકા, કોસ્પી 0.15 ટકા અને શાંઘાઈ 0.06 ટકા સુધારા સાથે બંધ રહ્યા હતા. જ્યારે જકાર્તા 1.72 ટકા ઘટ્યા હતા.

## રૂપિયામાં ઝડપી ઉછાળો, 23 પૈસા વધ્યો

કરન્સી બજારમાં આજે રૂપિયામાં ઝડપી ઉછાળો આવ્યો હતો. ક્રુડ ઓઇલના ભાવમાં નરમાશ અને મીડલ ઇસ્ટનો તણાવ ઓછો થવાના અહેવાલથી રૂપિયામાં મજબૂતાઇ જોવા મળી હતી. આજે ડોલરની સામે રૂપિયો 23 પૈસા સુધરીને 95.59ના સ્તરે બંધ રહ્યો હતો. જે ગત સેશનમાં ડોલરની સામે રૂપિયો 95.82ના સ્તરે બંધ રહ્યો હતો. અન્ય કરન્સીઓમાં યુરો 109.87, પાઉન્ડ 127.45, કેનેડિયનડોલર 68.27, ઓસ્ટ્રેલિયન ડોલર 67.86, જાપાનીઝ યેન 0.6085 અને સીંગાપોર ડોલર 75.26ના સ્તરે બંધ રહ્યા હતા.

**ફોરેક્સ બજાર**

| | |
|---|---|
| ડોલર | 95.59 રૂ. |
| યુરો | 109.87 રૂ. |
| પાઉન્ડ | 127.45 રૂ. |
| યેન | 0.6085 રૂ. |

| | | |
|---|---|---|
| સેન્સેક્સ | -329.91 | 74529.08 |
| નિફ્ટી | -85.30 | 23329.00 |
| બેન્ક નિફ્ટી | -248.80 | 28582.10 |

**નિફ્ટી**

ટોપ ગેઇનર્સ

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| કોલ ઇન્ડિયા | 3.21 | 428.00 |
| ઇટર્નલ | 1.82 | 342.00 |
| ઇન્ટરગ્લોબ | 1.80 | 5030.00 |
| ટાઇટન કંપની | 1.10 | 4928.50 |
| ડો. રેડ્ડીઝ લેબ | 1.06 | 1211.00 |

ટોપ લુઝર્સ

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| ટાટા કન્ઝ્યુમર | 1.65 | 984.10 |
| નેસલે ઇન્ડિયા | 1.52 | 1363.90 |
| બજાજ ફિનસર્વ | 1.43 | 1823.40 |
| બજાજ ફાઇનાન્સ | 1.22 | 1008.80 |
| સન ફાર્મા | 1.20 | 1846.40 |

**સેન્સેક્સ**

ટોપ ગેઇનર્સ

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| ઇટર્નલ | 1.94 | 341.50 |
| ઇન્ટરગ્લોબ | 1.58 | 5020.00 |
| ટાઇટન કંપની | 0.72 | 4910.00 |
| ટાટા સ્ટીલ | 0.60 | 184.70 |
| એનટીપીસી | 0.15 | 327.00 |

ટોપ લુઝર્સ

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| બજાજ ફિનસર્વ | 1.62 | 1825.00 |
| ટ્રેન્ટ | 1.47 | 2773.50 |
| બજાજ ફાઇનાન્સ | 1.46 | 1009.00 |
| સન ફાર્મા | 1.28 | 1844.00 |
| ટીસીએસ | 1.13 | 2106.00 |

# સ્ટીલના ભાવ 4 વર્ષની ઉચ્ચતમ સપાટીએ

**કોકિંગ** કોલ અને આયર્ન ઓર મોંઘા થતાં HRC 63,900 પહોંચ્યું; મોટા ઉત્પાદકો સદ્ધર, પરંતુ ઓટો અને એન્જિનિયરિંગ ક્ષેત્રના નાના ઉદ્યોગોના માર્જિન પર ભારે દબાણ

મુંબઈ, તા. 22: કોકિંગ કોલ જેવા કાચા માલના ખર્ચમાં વધારો અને વેપારીઓ દ્વારા સ્ટોક ફરી ભરવાની (રીસ્ટોકિંગ) વધતી માંગને કારણે સ્થાનિક સ્ટીલના ભાવ પ્રતિ ટન રૂ. 63,900ની ચાર વર્ષની ઉંચી સપાટીએ પહોંચ્યા છે. મોટી સંકલિત સ્ટીલ ઉત્પાદક કંપનીઓ આ વધતા ખર્ચને સરળતાથી સંભાળી લે છે, પરંતુ ભાવમાં થયેલો આ ઉછાળો ઓટોમોટિવ અને એન્જિનિયરિંગ ક્ષેત્રના નાના અને મધ્યમ ઉત્પાદકો માટે માર્જિન પર તાત્કાલિક દબાણ ઊભું કરે છે. ભારતમાં સ્થાનિક સ્ટીલના ભાવ ચાર વર્ષની ટોચ પર પહોંચ્યા છે, જે કાચા માલના ખર્ચમાં થયેલો તીવ્ર વધારો અને વેપારીઓ દ્વારા સ્ટોક ફરી ભરવાની તાજેતરની પ્રવૃત્તિ દર્શાવે છે. મુંબઈમાં બેન્ચમાર્ક 'હોટ રોલ્ડ કોઈલ' (HRC)ના ભાવ પ્રતિ ટન રૂ. 1,600ના સાપ્તાહિક વધારા બાદ હવે રૂ. 63,900 પ્રતિ ટન પર ટ્રેડ થઈ રહ્યા છે. તેવી જ રીતે, જૂન ક્વાર્ટર દરમિયાન મોસમી નરમાઈના સમયગાળા બાદ રિબાર (સળિયા)ના ભાવ પણ વધીને રૂ. 60,450 પ્રતિ ટન પર પહોંચ્યા છે. કિંમતોમાં થયેલા આ ઉછાળા પાછળ મુખ્યત્વે કાચા માલના વધતા ખર્ચનું કારણ રહેલું છે. ઓગસ્ટ મહિનામાં કોકિંગ કોલની સરેરાશ કિંમત પ્રતિ ટન $232 હતી, જેની સરખામણીમાં આયાતી કોકિંગ કોલનો ભાવ 22 ટકા વધીને પ્રતિ ટન $283 પર પહોંચ્યો છે. ખર્ચમાં થયેલા આ વધારામાં NMDC દ્વારા ઉચ્ચ-ગુણવત્તાવાળા આયર્ન ઓરના ભાવમાં કરાયેલા વધારાને કારણે વધુ ઉમેરો થયો છે; હવે તેનો ભાવ પ્રતિ ટન રૂ. 5,400 છે.

**યાર્ન બજાર સુરત** (GST સાથેના ભાવ) — નરેશ / મુકેશ ઘીવાળા ૩૫૧૬૪૪૬ - ૨૫૯૯૯૭૪

| | | | | | |
|---|---|---|---|---|---|
| **પ્રફુલ/સાલાસર/કેપલોન** | **રૂા.** | ૭૫/૩૬ ’’ | ૧૫૦ | ----- | --- |
| ૩૦/૨૪ બ્રાઇટ | ૩૦૧.૩૫ | ૫૦/૩૬ ’’ | ૧૫૭ | ૮૦/૭૨ બ્લેક રોટો | ૧૭૭.૫ |
| ૩૦/૩૬ એફડી | ૩૦૮.૭૫ | ૫૦/૪૮ SD/ક્રેપ | ૨૭૭ | **ગાર્ડન** | |
| **લોકલ** | | **RIL રિલાયન્સ** | | ૪૯/૨૪ એફડીવાય | ૧૫૭ |
| ૬૨/૩૬ ક્રિમ્પ | ૧૬૮.૫ | ૯૦/૩૬ ક્રિમ્પ | ૧૬૨ | ૩૦/૧૪ ક્રિમ્પ | ૨૧૩.૫ |
| ૬૮/૩૬ | ૧૬૫.૫ | ૧૧૪.૧૩ રોટો | --- | ૬૨ ક્રિમ્પ | ૧૬૯.૫ |
| ૭૨/૩૬ ક્રિમ્પ | ૧૬૬.૫ | ૧૦૦ ટેક્ષ | ૧૬૧ | ૬૮ ક્રિમ્પ | ૧૬૬.૫ |
| ૯૦/૩૬ ક્રિમ્પ | ૧૫૧.૫ | **વેલનોન** (જીએસટી સાથે) | | ૭૨ ક્રિમ્પ | ૧૬૬.૫ |
| ૮૪/૪૮ ક્રિમ્પ | ૧૬૨.૫ | ૮૦/૭૨ રોટો | ૧૭૨.૫ | ૭૫ ક્રિમ્પ | ૧૬૫.૫ |
| ૩૦/૧૪ ક્રિમ્પ | | ૮૦/૭૨ ફોલ્ડર | ૭૭.૫ | ૮૦ ક્રિમ્પ | ૧૬૩ |
| ૮૦/૭૨ રોટો. | ૧૬૭.૫ | ૧૬૦ ડીસ્કેટ | ૧૭૭.૫ | ૮૦/૭૨ રોટો | ૧૬૮.૫ |
| ૮૦/૩૬ રોટો. | ૧૬૮.૫ | --- | --- | ૩૦/૨૪ બ્રાઇટ | --- |
| ૧૫૦/૪૮બ્રાઇટ | ૧૬૦ | ૮૦/૧૦૮ ’’ | ૧૭૦ | ૩૦/૩૬ એફડી | --- |
| | | | | TPM | ૧૬૭.૫ |











# IPO માર્કેટમાં 'મેગા બૂમ': કંપનીઓ 2 લાખ કરોડ એકત્ર કરશે

**SEBI** ચેરમેનનો દાવો

**ચાલુ** નાણાકીય વર્ષમાં અત્યાર સુધી 60,000 કરોડ એકત્ર કરાયા; દેશમાં યુનિક રોકાણકારોની સંખ્યા 14.9 કરોડે પહોંચી અને મ્યુચ્યુઅલ ફંડ AUM વધીને 87 લાખ કરોડ

નવી દિલ્હી, તા. 22: દેશના આઈપીઓ માર્કેટમાં આગામી સમયમાં મોટી રકમ એકત્ર કરવામાં આવે તેવી શક્યતા છે. સેબીના ચેરમેન તુહિન કાંત પાંડેએ કહ્યું હતું કે કંપનીઓ આઈપીઓ દ્વારા 2 લાખ કરોડ રૂપિયા સુધી એકત્ર કરી શકે છે. ખાસ વાત એ છે કે આ રકમનો મોટો ભાગ સીધો કંપનીઓના વ્યવસાયમાં ઉપયોગ કરવામાં આવશે. એક કોન્ફરન્સમાં પાંડેએ જણાવ્યું હતું કે નાણાકીય વર્ષ 2026-27માં અત્યાર સુધીમાં આઈપીઓ દ્વારા લગભગ 60000 કરોડ રૂપિયા એકત્ર કરવામાં આવ્યા છે. લગભગ 55 ટકા રકમ કંપનીઓને નવી મૂડીના રૂપમાં સીધી પ્રાપ્ત થઈ છે.

તેમણે કહ્યું કે આઈપીઓ દ્વારા સંભવતઃ આશરે 2 લાખ કરોડ રૂપિયા એકત્ર કરી શકાય છે. પાંડેના જણાવ્યા અનુસાર, આ કંપનીઓના વિસ્તરણ માટે ભંડોળ એકત્ર કરવામાં ભારતના ઈક્વિટી માર્કેટની વધતી ભૂમિકા દર્શાવે છે. ભારતના ઈક્વિટી માર્કેટનું માર્કેટ કેપિટલાઈઝેશન લગભગ 5 ટ્રિલિયન ડોલર છે. તે જ સમયે, છેલ્લા દાયકામાં ઈક્વિટી અને ડેટ ઈશ્યૂ દ્વારા 100 લાખ કરોડ રૂપિયાથી વધુનું ભંડોળ એકત્ર કરવામાં આવ્યું છે. સેબીના ચેરમેન તુહિન કાંત પાંડેએ જણાવ્યું હતું કે મૂડી એકત્ર કરવાની પ્રક્રિયાને સરળ અને ઝડપી બનાવવી એ માર્કેટ રેગ્યુલેટરની પ્રાથમિકતા છે. સેબીએ કેપિટલ માર્કેટ સાથે જોડાયેલી પ્રક્રિયાને પહેલા કરતા વધુ સરળ બનાવી દીધી છે.

# હવે ડેટા વિનાના સસ્તા 'ઓન્લી કોલિંગ' પ્લાન મળશે

**TRAIનો** મોટો આદેશ

**ઈન્ટરનેટ** ન વાપરતા ગ્રાહકો માટે માત્ર વોઈસ અને SMS વાળા બજેટ પ્લાન આપવા કંપનીઓ માટે અનિવાર્ય

નવી દિલ્હી, તા. 22: મોબાઇલ ફોન વાપરતા કરોડો ગ્રાહકો માટે ટેલિકોમ રેગ્યુલેટરી દ્વારા એક મહત્વપુર્ણ નિર્ણય લેવામાં આવ્યો છે. મોબાઇલ સર્વિસ પ્રોવાઇડરો કે જેઓ રિચાર્જ પ્લાનમાં ઇન્ટરનેટ ડેટા ફરજિયાત જોડીને મોંઘા ભાવે વેચતી હી, જેના કારણે જે લોકો ડેટા વાપરતા નહતા, તેમણે પણ બિનજરૂરી પૈસા ચુકવવા પડતા હતા.

આ સમસ્યાનો કાયમી ઉકેલ લાવવા માટે ટ્રાઇએ ટેલિકોમ કન્ઝ્યુમર પ્રોટેકશન રેગ્યુલેશન 2026 જાહેર કરીને આ નવા નિયમ હેઠળ હવે તમામ ટેલિકોમ કંપનીઓએ માત્ર કોલીંગ અને એસએમએસ સુવિધા ધરાવતા બજેટ ફ્રેન્ડરી અને સસ્તા રિચાર્જ પ્લાન બજારમાં મુકવાનું અનિવાર્ય બનાવી દીધું છે. ટ્રાઇએ સ્પષ્ટ નિયમ જાહેર કર્યો છે કે, જે ગ્રાહકો 30 દિવસ અથવા તેનાથી ઓછી વેલિડિટીવાળા પ્લાન ઇચ્છે છે, તેમના માટે કંપનીઓએ માત્ર વોઇસ અને એસએમએસ વાળા પ્લાન ઉપલબ્ધ કરાવવા જ પડશે. આ સાથે ગ્રાહકોને સુવિધા માટે દર મહિને એક નિશ્ચિત તારીખે રિચાર્જ રિન્યૂ કરાવવાનો વિકલ્પ પણ આપવો જ પડશે. ટ્રાઇએ ટેલિકોમ કંપનીઓને એવા પણ નિર્દેશ આપ્યા છે કે આ નવા નોન ડેટા પ્લાનની કિંમતો ખૂબજ આકર્ષક અને સસ્તી રાખવામાં આવે.

**જથ્થાબંધ ખાંડબજાર** — પ્રતિ ક્વિન્ટલ ભાવ (રૂા.)

| | |
|---|---|
| **મહારાષ્ટ્ર** | |
| એમ-30 (ભરવાલાયક) | ૫૫૦૦ |
| એમ-30 | ૫૫૦૦ |
| એસ-30 | ૫૪૦૦ |
| **ગુજરાત** | |
| એમ-30 | ૫૨૦૦ |
| એસ-30 | ૫૧૦૦ |

**તેલ બજાર સુરત** — ૧૫ કિલોના ભાવ

| | | | |
|---|---|---|---|
| સીંગતેલ (૧૫ કિ.) | ૩૧૮૦ | કોપરેલ | ૪૫૦૦ |
| સીંગતેલ (૧૫ લિ.) | ૨૯૫૦ | વનસ્પતિ ઘી | ૨૫૯૦ |
| સીંગતેલ (૫ લી) | ૯૮૦ | સનફ્લાવર | ૨૫૮૦ |
| કપાસીયા (૧૫ કિ.) | ૨૮૩૦ | તલતેલ | ૪૫૦૦ |
| કપાસીયા (૧૫ લિ.) | ૨૬૦૦ | દિવેલ | ૨૫૦૦ |
| કપાસીયા (૫ લિ.) | ૯૩૦ | મકાઇ તેલ | ૨૬૦૦ |
| સરસીયું તેલ | ૨૯૮૦ | | |

**સોના-ચાંદી સુરત** — (ટેક્ષ સહિત)

| | |
|---|---|
| સટાન્ડર્ડ સોનું | ૧૫૭૨૦૦ |
| તેજાબી સોનું | ૧૫૭૧૧૦ |
| દાગીના-૨૨ કેરેટ | ૧૪૯૩૪૦ |
| દાગીના-બીએસઆઇ હોલમાર્ક | ૧૫૪૦૫૦ |
| સોનાનાં બિસ્કીટ | ૧૫૭૨૦૦૦ |
| ચાંદી (૯૯૯) | ૨૪૦૬૦૦ |
| ચાંદી સિક્કા | ૨૪૨૧૦૦ |






# NSE IPOમાં નારાયણ મૂર્તિ, પ્રેમજી અને દામાનીએ 26,000 કરોડનું હોલ્ડિંગ જાળવી રાખ્યું

**IPO 5** ગણો ભરાયો; OFSમાં મોટો હિસ્સો વેચાઈ જવાની દ્વિધા વચ્ચે અગ્રણી રોકાણકારોએ હિસ્સો જાળવી રાખી NSE પરનો ભરોસો કાયમ રાખ્યો

મુંબઇ, તા. 22: એનએસઇનો આઈપીઓ પુરો થઇ ગયો છે, જેને પાંચ ગણા બીડ મળ્યા છે, જેમાં રોકાણકારોને દ્વિધા હતી કે, આ સંપુર્ણ ઓફર ફોર સેલમાં દિગ્ગજ રોકાણકારો એકઝીટ કરી રહ્યા છે, પણ વાસ્તવિકતા કંઈક જુદી જોવા મળી રહી છે. ઘણા રોકાણકારોએ હિસ્સો વેચવાના બદલે જાળવી રાખવાનું પસંદ કર્યુ છે.

જેમાં ઈન્ફોસીસના નારાયણ મૂર્તિ અને વિપ્રોના અઝીમ પ્રેમજીનો સમાવેશ થાય છે. આ બંને રોકાણકારો ઉપરાંત રાધાકૃષણ દામાની સહિત કુલ ચાર રોકાણકારો હજુય પણ એનએસઈમાં રૂ. 26000 કરોડનું હોલ્ડીંગ ધરાવે છે. એનએસઇ આઈપીઓના અપર પ્રાઈસ બેન્ડ મુજબ તેમનું મુલ્ય રૂ. 4.42 લાખ કરોડ છે. જેમાં આ ચાર રોકાણકારોનું હોલ્ડીંગ રૂ. 25913 કરોડનું છે.

આ ઉપરાંત, હીરો એન્ટરપ્રાઈઝના ચેરમેન સુનીલકાંત મુંજાલ પણ એનએસઈમાં હિસ્સો ધરાવે છે. જેમની પાસે 1.02 કરોડ શેર છે. ઈન્ફોસીસના સહ સ્થાપક કૃષ્ણ ગોપાલકૃષ્ણન પાસે રૂ. 1683 કરોડના 94.29 લાખ શેર છે. જ્યારે વ્યક્તિગત રોકાણકારમાં સિદ્ધાર્થ બાલચંદ્રન, વનાજા સુંદર ઐયર, સિદ્ધાર્થ ઐયર, લતા ભણસારી, ભરત તપડિયા, ઈન્ગ્રાટિયસ નવી નેવીલ નરોન્હા, ડોલી ખન્ના, રામદેવ અગ્રવાલ અને મોતીલાલ ઓસવાલ જેવા નામોનો સમાવેશ થાય છે.

# IIT મુંબઈમાં વિદ્યાર્થીના આપઘાતની ઘટનાની દેશવ્યાપી ચર્ચા ચાલુ થઈ છે



ભારતને આઝાદી મળી ત્યારથી અને તેની પણ પહેલાથી દલિતો ઉપરના અત્યાચારોનો મુદ્દો વિવાદાસ્પદ રહ્યો છે. દલિતો ઉપરના અત્યાચારો રોકવા માટે SC/ST Act જેવા કડક કાયદાઓ ઘડવામાં આવ્યા છે, પણ તેનાથી પરિસ્થિતિમાં ખાસ ફરક પડ્યો હોય તેવું લાગતું નથી. આ પરિપ્રેક્ષ્યમાં મુંબઈની પવઈ IITમાં બનેલી એક ચોંકાવનારી ઘટના રાષ્ટ્રીય ચર્ચાનો મુદ્દો બની ગઈ છે. પ્રતિષ્ઠિત પવઈ IIT મુંબઈમાં એક દલિત વિદ્યાર્થીએ આત્મહત્યા કરી છે. વિદ્યાર્થીનું નામ સાહિલ વાકોડે છે, જેણે શુક્રવારે સાંજે આત્યંતિક પગલું ભર્યું હતું. સોમવારે IIT મુંબઈના વિદ્યાર્થી સાહિલ વાકોડેનો પરિવાર મુંબઈ પહોંચ્યો છે. તપાસના ભાગરૂપે પોલીસ આ ઘટના તરફ દોરી જતાં સંજોગોની તપાસ કરી રહી છે. IIT મુંબઈના ઊર્જા વિજ્ઞાન અને એન્જિનિયરિંગ વિભાગના બીજા વર્ષના વિદ્યાર્થીએ શુક્રવારે સાંજે તેના હોસ્ટેલ રૂમમાં ફાંસી લગાવીને આત્મહત્યા કરી હતી. એવી શંકા છે કે પરીક્ષા દરમિયાન મોબાઇલ ફોનનો ઉપયોગ કરવાનો આરોપ લાગતાં દલિત વિદ્યાર્થીએ આપઘાતનું આત્યંતિક પગલું ભર્યું હતું.

આ ઘટના બાદ ગુસ્સે ભરાયેલા વિદ્યાર્થીઓએ IIT મુંબઈના મુખ્ય પ્રવેશદ્વાર પર બેસીને જોરદાર વિરોધ શરૂ કર્યો હતો. શુક્રવારે પરીક્ષા દરમિયાન વિદ્યાર્થી પોતાના મોબાઇલ ફોનનો ઉપયોગ કરતા પકડાયો હતો. એવું બહાર આવ્યું હતું કે તેણે જવાબ શોધવા માટે AI એપ ChatGPT પર પરીક્ષાનું પ્રશ્નપત્ર અપલોડ કર્યું હતું. શિક્ષક અને વિભાગના વડાએ વિદ્યાર્થી સાથે ચર્ચા કરી હતી અને તેને સસ્પેન્ડ કર્યો હતો. વહીવટીતંત્રે ખાતરી આપી હતી કે આ ઘટનાથી તેની શૈક્ષણિક કારકિર્દી પર પ્રતિકૂળ અસર નહીં પડે. બાદમાં, તે સાંજે ૭ વાગ્યાની આસપાસ તેના રૂમમાં મૃત હાલતમાં મળી આવ્યો હતો. ઘટના બાદ વિદ્યાર્થીઓ પ્રવેશદ્વાર પર એકઠા થયા હતા અને વહીવટીતંત્ર સામે જોરદાર વિરોધ શરૂ કર્યો હતો. વિરોધ બાદ વહીવટીતંત્રે મુખ્ય પ્રવેશદ્વાર બંધ કરી દીધો હતો અને સુરક્ષા કારણોસર બહારથી આવતા વિદ્યાર્થીઓને પ્રવેશ નકાર્યો હતો, જેના કારણે વધુ તણાવ સર્જાયો હતો. IIT વહીવટીતંત્રે આ ઘટના પર ઊંડું દુઃખ વ્યક્ત કર્યું છે.

IIT મુંબઈનો વિદ્યાર્થી સાહિલ વાકોડે મહારાષ્ટ્રના યવતમાળનો રહેવાસી હતો. સાહિલે આ વર્ષે જુલાઈમાં IIT મુંબઈમાં પ્રવેશ મેળવ્યો હતો. તેની માતા શાળામાં શિક્ષિકા છે, જ્યારે તેના પિતા બેંક ઓફ મહારાષ્ટ્રમાં નોકરી કરે છે. સાહિલના મૃત્યુના સમાચાર સાંભળ્યા પછી તેના માતા-પિતા અને કાકા ગઈકાલે રાત્રે મુંબઈ પહોંચ્યા હતા. સાહિલની માતા IIT મુંબઈ કેમ્પસમાં વિરોધ કરી રહેલા વિદ્યાર્થીઓની બાજુમાં બેઠી છે. તેના પિતા અને કાકા પવઈ પોલીસ સ્ટેશનમાં છે, કારણ કે પોલીસ આ મામલાની તપાસ કરી રહી છે. તપાસના ભાગરૂપે IIT મુંબઈના કેટલાક વિદ્યાર્થીઓ પણ તેમનાં નિવેદનો નોંધાવવા માટે મુંબઈના પવઈ પોલીસ સ્ટેશન પહોંચ્યા છે.

બી.ટેકના વિદ્યાર્થી સાહિલ રવિન્દ્ર વાકોડેના મૃત્યુ બાદ IIT બોમ્બેના કેમ્પસમાં ઊભો થયેલો વિવાદ વધુ ઘેરો બન્યો છે. વિદ્યાર્થીના મૃત્યુ પર વિરોધ પ્રદર્શનો થઈ રહ્યાં છે અને પ્રોફેસર સૂર્યનારાયણ દુલ્લાને સસ્પેન્ડ કરવામાં આવ્યા છે, ત્યારે સંસ્થાનું ફેકલ્ટી ફોરમ પ્રોફેસર દુલ્લાના સમર્થનમાં ખુલ્લેઆમ બહાર આવ્યું છે. IIT બોમ્બેના લગભગ ૭૫૦ ફેકલ્ટી સભ્યોએ પ્રોફેસર દુલ્લાના સમર્થનમાં સોમવારે કેમ્પસ માર્ચની જાહેરાત કરી છે. દરમિયાન, સાહિલના એક નજીકના મિત્રએ એવી વાતનો ખુલાસો કર્યો, જેણે સમગ્ર મામલાને જટિલ બનાવી દીધો. તેણે કહ્યું કે તે માનતો નથી કે સાહિલને કોઈ જાતિગત ભેદભાવનો સામનો કરવો પડ્યો હતો. પરીક્ષાના થોડા દિવસો પહેલાં સાહિલ સંપૂર્ણપણે સામાન્ય લાગતો હતો અને કોઈ ગંભીર મુશ્કેલીમાંથી પસાર થઈ રહ્યો હોય તેવું લાગતું ન હતું. પરીક્ષાના દિવસની ઘટનાઓ અંગે તેણે કહ્યું કે સાહિલ ચોરી કરતા પકડાયો હતો. પ્રોફેસર તેને પરીક્ષા ખંડની બહાર

**ટુ ધ પોઇન્ટ ▪ સંજય વોરા ▪**

લઈ ગયા હતા. પછી શું થયું તેની મને ખબર નથી.

સાહિલના મૃત્યુ પછી વિદ્યાર્થીઓના વિરોધ અને તેમના પરિવારની ફરિયાદો વચ્ચે, પ્રોફેસર દુલ્લાને તાત્કાલિક અસરથી ડીન પદ પરથી દૂર કરવામાં આવ્યા હતા. ત્યારબાદ તપાસ મુંબઈ પોલીસ ક્રાઈમ બ્રાન્ચને સોંપવામાં આવી હતી. IIT બોમ્બેએ પાછળથી જણાવ્યું હતું કે સાહિલના મૃત્યુ સુધીની ઘટનાઓની તપાસ ચાલુ છે અને તપાસ પૂર્ણ થાય તે પહેલાં કોઈ નિષ્કર્ષ કાઢવો અયોગ્ય છે. સંસ્થાએ તેનાં અગાઉનાં કેટલાંક નિવેદનો માટે માફી પણ માંગી હતી.

આ વિવાદ બાદ IIT બોમ્બે ફેકલ્ટી ફોરમે પ્રોફેસર દુલ્લાના સમર્થનમાં એક નિવેદન બહાર પાડ્યું હતું. ફોરમે જણાવ્યું હતું કે પ્રોફેસર દુલ્લાએ પરીક્ષા દરમિયાન પોતાની ફરજો બજાવી હતી અને સ્થાપિત શૈક્ષણિક પ્રક્રિયાઓ અનુસાર સંસ્થાના અધિકારીઓને આ બાબતની જાણ કરી હતી. પ્રોફેસર દુલ્લાને IIT બોમ્બેમાં નોકરીમાંથી સસ્પેન્ડ કરવામાં આવ્યા નથી. આ મામલાની સ્વતંત્ર અને નિષ્પક્ષ તપાસને મંજૂરી આપવા માટે તેમને ડીન તરીકેની વહીવટી ફરજોમાંથી અસ્થાયી રીતે દૂર કરવામાં આવ્યા છે. તેમને અનુભવી અને આદરણીય ફેકલ્ટી સભ્ય ગણાવતાં ફોરમે તેમની વિરુદ્ધ ફેલાવાઈ રહેલા કથિત ભ્રામક અહેવાલો સામે પણ વાંધો ઉઠાવ્યો હતો.

IIT બોમ્બે વહીવટીતંત્રે વિદ્યાર્થીઓ દ્વારા રજૂ કરાયેલી ૧૮ મુદ્દાની માંગણીઓના મેમોરેન્ડમ પર હસ્તાક્ષર કર્યા છે. આ માંગણીઓમાં સાહિલ વાકોડેના મૃત્યુની સ્વતંત્ર તપાસનો સમાવેશ થાય છે. વિદ્યાર્થીઓની માંગણીઓમાં સાહિલ વાકોડે વિશે સોશિયલ મીડિયા પોસ્ટમાં આપવામાં આવેલી માહિતી માટે સંસ્થા તરફથી જાહેર માફી માંગવાનો પણ સમાવેશ થાય છે. આ માંગણીઓ પર આગળની કાર્યવાહીની સત્તાવાર વિગતો આગામી ખુલ્લા સંવાદ કાર્યક્રમમાં આપવામાં આવે તેવી અપેક્ષા છે. વિદ્યાર્થીઓની માંગણીઓમાં ફેકલ્ટી સભ્ય સૂર્યનારાયણ દુલ્લા સામે કાર્યવાહીનો સમાવેશ થતો હતો. ત્યારબાદ ૨૦ સપ્ટેમ્બરની સાંજે માહિતી બહાર આવી કે પ્રોફેસર દુલ્લાને સસ્પેન્ડ કરવામાં આવ્યા છે. સાહિલના પિતાની ફરિયાદ બાદ પોલીસે પ્રોફેસર દુલ્લા સામે પણ કેસ દાખલ કર્યો હતો. પોલીસ કાર્યવાહીમાં આત્મહત્યા માટે ઉશ્કેરણી અને અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિ અધિનિયમ હેઠળ ગુનો દાખલ કરવામાં આવ્યો છે.

વિદ્યાર્થીઓએ સાહિલ વાકોડેના મૃત્યુની સ્વતંત્ર તપાસની માંગણી કરી છે. તેમણે ૩૦ સપ્ટેમ્બર સુધીમાં વચગાળાનો અહેવાલ અને ૧૫ ઓક્ટોબર સુધીમાં અંતિમ અહેવાલ જાહેર કરવાની માંગણી કરી છે. તેમણે ફેકલ્ટી માટે આચારસંહિતા અને સંસ્થામાં મુખ્ય નિર્ણયોમાં વિદ્યાર્થીઓની ભાગીદારી વધારવાની પણ માંગણી કરી છે. તેમણે કેમ્પસ હોસ્પિટલમાં ૨૪ કલાક મનોચિકિત્સકની ઉપલબ્ધતા અને કાઉન્સેલિંગ સેવાઓમાં સુધારો કરવાની પણ માંગણી કરી છે. ૧૮ મુદ્દાના કરાર હેઠળ લેવામાં આવેલા નિર્ણયો કેવી રીતે અમલમાં મૂકવામાં આવશે તેની વિગતો આગામી ખુલ્લા સંવાદમાં જાહેર થવાની અપેક્ષા છે. વિદ્યાર્થીઓએ માંગણી કરી છે કે જો તેમની માંગણીઓ નિર્ધારિત સમયમર્યાદામાં પૂર્ણ નહીં થાય, તો સંસ્થાના ડિરેક્ટર, એસોસિયેટ ડીન અને વિદ્યાર્થી બાબતોના ડીને રાજીનામું આપવું પડશે. જોકે, સાહિલના પિતા રવિન્દ્ર વાકોડેએ આરોપ લગાવ્યો હતો કે ફેકલ્ટીના સભ્ય સૂર્યનારાયણ દુલ્લા છેલ્લા ત્રણ મહિનાથી કથિત રીતે સાહિલને જાતિવાદી અપશબ્દો કહીને દુર્વ્યવહાર કરી રહ્યા હતા અને તેનાથી સાહિલ નારાજ હતો.

પવઈ પોલીસે સાહિલ રવિન્દ્ર વાકોડેના પિતાની ફરિયાદના આધારે તેને આત્મહત્યા માટે ઉશ્કેરવાના આરોપસર અનેક વ્યક્તિઓ સામે કેસ દાખલ કર્યો છે. પિતાએ CID તપાસની માંગણી કરી છે. સાહિલની માતાએ આરોપ લગાવ્યો છે કે તેના પુત્રને હેરાન કરવામાં આવ્યો હતો અને ત્રાસ આપવામાં આવ્યો હતો અને ગુનેગારો સામે કડક કાર્યવાહી અને સજાની માંગણી કરી છે. પવઈ પોલીસનો દાવો છે કે તેમને ઘટનાસ્થળે કોઈ સુસાઈડ નોટ મળી નથી. જોકે, એક વરિષ્ઠ પોલીસ અધિકારીએ જણાવ્યું હતું કે આ કેસમાં એક ડઝન લોકોનાં નિવેદનો નોંધવામાં આવ્યાં છે. નિવેદનો નોંધનારાઓમાં સાહિલના માતા-પિતાનો પણ સમાવેશ થાય છે. નોંધનીય છે કે છેલ્લા સાત મહિનામાં IIT મુંબઈ સાથે જોડાયેલી આ ત્રીજી આત્મહત્યાની ઘટના છે.

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.

**સાહિલનાં મૃત્યુ પછી વિદ્યાર્થીઓના વિરોધ અને તેના પરિવારની ફરિયાદો વચ્ચે પ્રોફેસર દુલ્લાને તાત્કાલિક અસરથી ડીન પદ પરથી દૂર કરવામાં આવ્યા હતા**

# નવરાત્રિ-દિવાળી ટાણે ખાદ્ય તેલ 8% સુધી મોંઘું થવાની શક્યતા

**વધતા** આયાત ખર્ચ અને નબળા રૂપિયાના લીધે માર્ચ પછી ત્રીજી વાર ભાવવધારો તોળાઈ રહ્યો છે

નવી દિલ્હી, તા. 22: નવરાત્રિ અને દિવાળી તહેવાર પહેલા દેશમાં ખાદ્ય તેલના ભાવમાં વધારો થઈ શકે છે. આયાત ખર્ચમાં વધારો થવાથી કંપનીઓના માર્જિન પર દબાણ આવી રહ્યું છે. ખાદ્ય તેલ કંપનીઓ લગભગ 8 ટકા સુધીના ભાવ વધારા પર વિચાર કરી રહી છે. જોકે, પુરવઠામાં સુધારો અને આયાત જકાતમાં સંભવિત ઘટાડો આ વધારાને મર્યાદિત કરી શકે છે.

જો કંપનીઓ ભાવ વધારો કરે છે તો માર્ચ પછી આ ત્રીજી વખત હશે જ્યારે ખાદ્ય તેલના ભાવમાં વધારો થયો હોય. કંપનીઓએ અગાઉ માર્ચ અને જુન વચ્ચે બે તબક્કામાં 5થી 6 ટકાનો વધારો કરી ચુકયા છે. આમ, તે સયમગાળા દરમ્યાન ખાદ્ય તેલના ભાવમાં કુલ 10થી 2 ટકાનો વધારો થયો હતો.

ખાદ્ય તેલના ભાવ પર સૌથી મોટું દબાણ કાચા ખાદ્ય તેલના વધતા લેન્ડીગ ખર્ચથી આવી રહ્યું છે. નબળો રૂપિયો, મોંઘા માલભાડા અને વીમા અને આંતરરાષ્ટ્રીય બજારમાં વનસ્પતિ તેલના ઉંચા ભાવે કંપનીઓના ખર્ચમાં વધારો કર્યો છે. સોલવન્ટ એક્સટ્રેક્ટર્સ એસોસીએશન ઓફ ઈન્ડિયાના ડેટા અનુસાર, 18 સપ્ટેમ્બરના રોજ, મુંબ પર ક્રુડ પામ, સોયાબીન અને સુર્યમુખી તેલના લેન્ડીંગ ભાવ અનુક્રમે 1265 ડોલર, 1314 ડોલર અને 1380 ડોલર પ્રતિ ટન હતા. એક વર્ષ પહેલાની સરખામણીમાં પામ અને સોયાબીન તેલના ભાવમાં લગભગ 11 ટકાનો વધારો થયો હતો અને સુર્યમુખી તેલના ભાવમાં લગભગ 7 ટકાનો વધારો થયો હતો.

ઉદ્યોગના મતે, આગામી દિવસોમાં કાચા ખાદ્ય તેલ વહન કરતા જહાજોની સંખ્યામાં વધારો થવાની ધારણા છે.